# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-09-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## <u>સમાચારનાં અંતે</u>

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# ATMANIRBHAR BHARAT

કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલે કહ્યું , 25 સપ્ટેમ્બરથી શરૂ થયેલું આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન આગામી 25 ડિસેમ્બર સુધી ચાલશે. ગાંધીનગરમાં ભાજપ કાર્યાલય્ શ્રી કમલમ્ ખાતે પત્રકાર પરિષદમાં આ અભિયાન અંગે માહિતી આપતા શ્રી પાટીલે કહ્યું , અભિયાન દરમિયાન ઘરેઘરે સ્વદેશીનો સંદેશ પહોંચાડાશે.

(BYTE: C. R. PAATIL, UNION MINISTER)

દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , ભારત વિશ્વની ત્રીજી અર્થવ્યવસ્થા તરફ આગળ વધી રહ્યું છે. આ વર્ષે રાજ્યમાં યોજાનારી વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – VGRS-માં સ્વદેશીને અગ્રતા આપીને લોકો જોડાય તેવી અપીલ પણ શ્રી પટેલે કરી.

. . . . . .

# RAGHAVJI PATEL BANASKANTHA

કૃષિમંત્રી રાઘવજી પટેલે આજે બનાસકાંઠાના થરાદ , વાવ અને સુઈગામ તાલુકાના અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત ગામની મુલાકાત લીધી. તેમણે નુકસાનગ્રસ્ત પાકનું નિરીક્ષણ કર્યું તેમજ ખેડૂતો સાથે સંવાદ કર્યો. કૃષિમંત્રીએ કહ્યું , સરહદી વિસ્તારના ખેડૂતોને સહાય પહોંચાડવા સરકાર પ્રતિબદ્ધ છે અને સરકાર હંમેશા ખેડૂતોની પડખે હોવાનું પણ તેમણે આશ્વાસન આપ્યું.

. . . . . . . . . . . . .

# MANSUKH MANDAVIYA PORBANDAR

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયા આજે પોરબંદરમાં આયોજિત આત્મનિર્ભર ભારત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. જિલ્લાની ડૉક્ટર વિ. આર. ગોઢાણિયા મહાવિદ્યાલય ખાતે યોજાયેલા કાર્યક્રમમાં શ્રી માંડવિયાએ વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત લોકોને આત્મનિર્ભર ભારત તથા વસ્તુ અને સેવા કર – GST સુધારણા વિષય અંગે સંબોધિત કર્યા. આત્મનિર્ભર ભારતથી દેશના લોકોનું જીવનધોરણ કઈ રીતે આગળ આવશે તેનું માર્ગદર્શન પણ તેમણે આપ્યું.

(બાઈટઃ ડૉક્ટર મનસુખ માંડવિયા, કેન્દ્રીય મંત્રી)

હવે શ્રી માંડવિયા અતિથિ ગૃહમાં શહેરના આગેવાનો અને  કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરશે. ત્યારબાદ સુભાષનગર ગામની પ્રાથમિક શાળામાં સેવા પખાવાડિયા અંતર્ગત આયોજિત આરોગ્ય શિબિરમાં ઉપસ્થિત રહેશે.

. . . . . . . .

# NAVRATRI 5TH DAY

---ગરબા મ્યુઝિક-----

ભક્તિ અને આરાધનાના પાવન પર્વ નવરાત્રિના ચોથા નોરતે આજે માઁ દુર્ગાના ચોથા સ્વરૂપ કુષ્માંડાની પૂજા-અર્ચના કરાય છે. રાજ્યભરના ધાર્મિક સ્થળો સહિત વિવિધ જગ્યાએ ભક્તો ગરબે ઝૂમી માતાજીની આરાધના કરી રહ્યા છે.

દરમિયાન ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ આજે અંબાજી શક્તિપીઠમાં દર્શન કર્યા.

જામનગર જિલ્લામાં પ્રાચીન સમયે ધવલપુરી નામથી ઓળખાતા ધ્રોલ તાલુકામાં 300 વર્ષથી નવરાત્રિ ઉજવાય છે. ગરબા મંડળ દ્વારા ખંભલાવ માતાજીનું સ્થાપન કરી વિવિધ પરિવાર દ્વારા સ્નેહી મિત્રો સાથે મળીને આ પ્રાચીન ગરબીની પરંપરા જાળવી રાખી છે.

---ગરબા મ્યુઝિક-----

. . . . . . . . . . . . .

# UNJHA APMC ELECTION

મહેસાણાનાં ઊંઝા માર્કેટિંગ યાર્ડમાં આજે અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પદ માટે ચૂંટણી યોજાઈ. તેમાં સતત બીજી વખત દિનેશ પટેલની અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ તરીકે વિષ્ણુ પટેલની પસંદગી કરવામાં આવી.

. . . . . . . .

# TAPI UKAI TALUKA

તાપીમાં સોનગઢ તાલુકામાંથી ઉકાઈને અલગ તાલુકો જાહેર કરતા લોકોએ આનંદની લાગણી વ્યક્ત કરી છે. લોકોએ ફટાકડા ફોડી સરકારના આ નિર્ણયને આવકાર્યો છે. હવે સોનગઢના 68 ગામને છૂટા કરી નવા ઉકાઈ તાલુકામાં સમાવાશે. સાથે જ વહીવટી સરળતાને લઈ લોકોએ હવે દૂર નહીં જવું પડે.

. . . . .

# SWACHCHHATA HI SEVA

સ્વચ્છતા હી સેવા પખવાડિયા હેઠળ રાજ્યભરમાં સફાઈ કામગીરી ચાલી રહી છે. ત્યારે છોટા ઉદેપુર જિલ્લામાં શહેરી વિકાસના ઉપ-સચિવ મિહીર પટેલની અધ્યક્ષતામાં અધિકારીઓ, નગરપાલિકાના સભ્યો અને બૅન્ક કર્મચારીઓએ પહેલા સ્વચ્છતાના શપથ લીધા. ત્યારબાદ શ્રમદાન કરીને ST ડૅપો ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવની સાઉદવાડી શાળાના વિદ્યાર્થીઓ માટે સ્વચ્છતા હી સેવા પખવાડિયા નિમિત્તે સાયકલ યાત્રા યોજાઈ. વિદ્યાર્થીઓએ લોકોને સ્વચ્છતાનો સંદેશ પાઠવ્યો હતો. જ્યારે યાત્રામાં પહેલા ત્રણ ક્રમાંકે આવનારા વિદ્યાર્થીઓને વિજયચિહ્ન આપી પ્રોત્સાહિત કરાયા.

. . . . . . . . . .